સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળની યોજનાઓ/ સેવાઓ ડિજીટલ સેવા સેતુ અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્રો મારફત ઓનલાઇન પૂરી પાડવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંક: વનપ/૧૦૨૦૨૦/૪૬૭૭૯૨/છ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૦/૧૨/૨૦૨૦

**પ્રસ્તાવના:-**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિયંત્રણ હેઠળના સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અમલમાં છે. આ યોજનાઓ અને સેવાઓના અમલીકરણ માટે એક સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર તાલુકા સ્તરે તથા જિલ્લા સ્તરે અમલમાં છે. આવી યોજનાઓ/સેવાઓનો લાભ તાલુકા અને જિલ્લા મથકેથી અરજદારોને મળી રહે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને તાલુકા અથવા જિલ્લાકક્ષાની કચેરીઓ સુધી આવવું પડે છે. જેથી, ક્યારેક તેમની દૈનિક રોજગારી ઉપર વિપરીત અસર પડે છે. ઉપરાંત, જવા-આવવા માટે સમયનો વ્યય તથા પરિવહન ખર્ચનો વધારાનો બોજો પણ ઉભો થાય છે. બીજી તરફ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન અને લોકપયોગી બનાવવા માટે ઇ-ગ્રામ યોજના વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી અમલમાં મુકવામાં આવેલ છે અને ઇ-ગ્રામ કેન્દ્રો મારફત રાજ્ય સરકારની વિવિધ ઇ-સેવાઓ પણ અમલમાં છે. રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે ડિજીટલ ગુજરાત અંતર્ગત ડિજીટલ સેવા સેતુ કાર્યક્રમ પણ અમલમાં છે.

આથી ગ્રામ્ય વિસ્તારના લોકોને વૃદ્ધ સહાય અને રાષ્ટ્રીય કુટુંબ સહાય લાભ તેમના ગામમાંથી જ મળી રહે અને તેઓને બિનજરૂરી હાલાકી ભોગવવી ન પડે અને જન સામાન્યની 'જીવન જીવવાની સરળતા' (Ease of Living)નો રાજ્ય સરકારનો ઉમદા હેતુ બર આવે તે હેતુથી સમાજ સુરક્ષા પ્રભાગની યોજનાઓ/સેવાઓ પણ ડિજીટલ ગુજરાત હેઠળ ડિજીટલ સેવા

સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફત માત્ર બે થી ત્રણ દિવસમાં અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, નીચે મુજબની યોજનાઓ/સેવાઓ ડિજીટલ ગુજરાત પોર્ટલ ઉપરથી ડિજીટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફત માત્ર બે થી ત્રણ દિવસમાં અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (વયવંદના)

૨. નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના

૩. રાષ્ટ્રીય કુટુંબ સહાય (સંકટ મોચન)

આવી યોજનાઓ/સેવાઓ ઇ-ગ્રામ કેન્દ્રો મારફત આપવા માટે સુનિશ્ચિત કાર્યપ્રણાલી (Standard operating procedure) નિર્ધારીત કરેલ છે, જે આ સાથેના પરિશિષ્ટ નં. ૧, ૨ અને ૩ મુજબ છે.

ઉપર મુજબની સેવાઓ, અરજી દીઠ રૂ.૨૦/- (અંકે રૂ. વીસ પુરા) લેખે પૂરી પાડવામાં આવશે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) દ્વારા વસુલ કરવામાં આવનાર રૂ.૨૦/-ની આંતરિક વહેંચણી નીચેના કોષ્ટક મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-VCEની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂ.૧૬/- |
| ૨ | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂ.૦૪/- |
| કુલ | | રૂ.૨૦/- |

વધુમાં, નિર્ધારિત કરેલ સેવાઓ પૈકી જે સેવામાં અરજદાર ટપાલ મારફતે પ્રમાણપત્ર મેળવવા ઇચ્છતા હોય તે સેવાદીઠ પોસ્ટેજ ખર્ચની ખરેખર રકમ ઉપરોક્ત રૂ.૨૦/- ઉપરાંત ઇ-ગ્રામ કેન્દ્ર ખાતે જમા કરવાવાની રહેશે.

ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી આ સેવાઓ ઉપલબ્ધ હોવા ઉપરાંત તાલુકા મામલતદારશ્રીની કચેરી/જનસેવા કેન્દ્રો કે એટીવીટી કેન્દ્રો ખાતેથી સીધી આવી સેવાઓ મેળવવા ઈચ્છતા હોય તો તે માટે જે તે સત્તાધિકારી ઇનકાર કરી શકશે નહી. આ પધ્ધતિ ગ્રામ્ય સ્તરે વસતા અરજદારોની હાલાકી દુર કરવા માટે શરૂ કરવામાં

આવેલ છતાં તાકીદના સંજોગોમાં અરજદાર આ સેવાઓનો લાભ અન્ય કોઈ સક્ષમ સત્તા અધિકારી પાસેથી પણ મેળવી શકે છે. આ બાબતે સદર યોજનાઓના વખતોવખતના ઠરાવો/સૂચનાઓ તથા પરિપત્રો યથાવત રહેશે. તેમાં આ પદ્ધતિ અપનાવાથી કોઈ સુધારો થશે નહી.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગની તા.૨૬/૧૧/૨૦૨૦ની, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૦૧/૧૨/૨૦૨૦ની અને મહેસૂલ વિભાગની તા.૦૪/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*

૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૪. માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

૫. માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૬. માન.રા.ક. મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ, ગાંધીનગર

૮. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતીસહ.

૯. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતીસહ.

૧૦. અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો.

૧૧. વિભાગના તમામ સંયુક્ત સચિવ / નાયબ સચિવ / ઉપ સચિવશ્રી.

૧૨. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની

વિનંતી સહ.

૧૩. નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લૉક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૪. તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

૧૫. તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

૧૬. તમામ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય. (મારફતઃ નિયામકશ્રી(સ.સુ.))

૧૭. સીસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાના હેતુસર.

૧૮. National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂં.

૧૯. સિલેક્ટ ફાઇલ.

--------

* પત્ર દ્વારા .

(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૪/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:
વનપ/૧૦૨૦૨૦/૪૬૭૭૯૨/છ નું બિડાણ)

પરિશિષ્ટ-૧

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનાનો
લાભ ઇ-ગ્રામ કેન્દ્રો મારફત આપવા માટે અનુસરવાની કાર્યપ્રણાલી

(DIGITAL SEVA SETU)

(Standard Operating Procedure) (SOP)

૧. સૌ પ્રથમ અરજદારએ તેમના ગામ ખાતે આવેલ E-GRAM કેન્દ્રનો કામકાજના ચાલુ દિવસે જરૂરી પ્રમાણપત્રો સાથે E-GRAM કેન્દ્ર ખાતેના ફરજ ઉપરના તલાટી કમ મંત્રી / વિલેજ કોમ્પુટર એન્ટરપ્રેન્યોર (Village Computer Entrepreneur) એટલે કે VCEના લગત સ્ટાફનો સંપર્ક કરી, યોજનાનું અરજી પત્રક ઓનલાઇન ભરાવશે. તેમજ શહેરી વિસ્તારનાં લાભાર્થીઓ મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં જઈ અરજી પત્રક ઓનલાઇન ભરાવશે. અરજદારે અરજી ઓનલાઈન થયાની Digital Gujarat Portal પરથી પહોંચ મેળવવાની રહેશે.

૨. તલાટી કમ મંત્રી / VCEએ આ અરજી પત્રકની તથા બિડાણ થયેલ આધાર-પુરાવાની ચકાસણી કરી તેના ઉપર "આ પ્રમાણપત્રો અસલ પ્રમાણપત્ર સાથે ચકાસણી કરી છે" તેવો શેરો મારી પ્રમાણપત્રની નકલ ઉપર સહી / સિકકા કરશે. આ પ્રમાણપત્રો સ્કેન કરી /ફોટો પાડી ઓનલાઇન અરજી સાથે અટેચ કરશે અને એ જ દિવસે મામલતદારશ્રીને અરજી ઓનલાઇન સબમિટ કરશે. આ અરજી પત્રક સાથેના આધાર પુરાવામાં ક્ષતિ જણાય તો E-GRAM કેન્દ્ર ખાતેથી અરજદારને યોગ્ય માર્ગદર્શન આપી ક્ષતિપુર્તતા કરાવવવાની રહેશે અને જરૂર જણાય તો સંપુર્ણ આધાર સાથે પુન:સંપર્ક કરવા જણાવવાનું રહેશે.

3. અરજદાર E-GRAM કેન્દ્ર દ્વારા વખતોવખત નક્કી થયેલ જરૂરી ચાર્જીસ E-GRAM / કેન્દ્ર ખાતે જમા કરાવશે.

૪. ફરજ પરના તલાટી કમ મંત્રી/ VCE અને જનસેવા કેન્દ્ર આવા ચાર્જીસ મળ્યા અંગેની પહોંચ અરજદારને પાઠવશે.

૫. મામલતદારશ્રીની કચેરીમાં સદર કામગીરી સંભાળતા કર્મચારીશ્રી દર કલાકે પોતાના કમ્પ્યુટર મોનિટર પર કોઇ અરજી આવી છે કે કેમ તેની ચકાસણી કરશે અને તે તપાસી મામલતદારશ્રીને મંજૂરી/નામંજૂરી માટે મોકલી આપશે.

૬. મામલતદારશ્રી અરજીઓ ચકાસી તે મંજૂર અથવા નામંજૂર કરશે. નામંજૂર થયેલ અરજીઓની જાણ મામલતદારશ્રીની કચેરી દ્વારા E-ગ્રામ કેન્દ્ર/જનસેવા કેન્દ્ર અને અરજદારને એમ બંન્નેને SMS અને E-Mail મારફત કરવામાં આવશે. મંજૂર કરેલ અરજીઓ વેબ સર્વિસ દ્વારા ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી NSAP-MIS પર મોકલી આપવામાં આવશે.

૭. મંજૂર થયેલ અરજીઓ પોર્ટલ પર નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગરની કચેરી ખાતે ઓનલાઇન આવશે. જેનું ચૂકવણું ત્યારપછીના માસની ૧ થી ૫ તારીખ સુધીમાં ડી.બી.ટી મારફતે કરવામાં આવશે.

૮. કોઇ વાજબી વહીવટી કે ટેક્નિકલ કારણોસર મંજૂર/ નામંજૂર કે ચુકવણૂં કરવામાં વિલંબ થાય તો તે છુટછાટને પાત્ર રહેશે.

૯. આ પ્રક્રિયાના અમલીકરણમાં કોઇ મુશ્કેલી જણાય તો તે અંગેની રજૂઆત સબંધિત મામલતદારશ્રીને કરી શકાશે અને પ્રાંત અધિકારી/જિલ્લા કલેકટરશ્રીની કચેરી ખાતે રજૂઆતની સત્યતા ચકાસી તેનો ઉકેલ લાવવો જોઇશે અને જરૂર જણાય ત્યાં આવી બાબતો નિયામક, સમાજ સુરક્ષા, ગાંધીનગર સમક્ષ સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે રજૂ કરવી જોઇશે.

*****

(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૪/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:
વનપ/૧૦૨૦૨૦/૪૬૭૭૯૨/છ નું બિડાણ)

પરિશિષ્ટ-૨

નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાનો
લાભ ઇ-ગ્રામ કેન્દ્રો મારફત આપવા માટે અનુસરવાની કાર્યપ્રણાલી
(DIGITAL SEVA SETU)
(Standard Operating Procedure) (SOP)

૧. સૌ પ્રથમ અરજદારએ તેમના ગામ ખાતે આવેલ E-GRAM કેન્દ્રનો કામકાજના ચાલુ દિવસે જરૂરી પ્રમાણપત્રો સાથે E-GRAM કેન્દ્ર ખાતેના ફરજ ઉપરના તલાટી કમ મંત્રી / વિલેજ કોમ્પુટર એન્ટરપ્રેન્યોર (Village Computer Entrepreneur) એટલે કે VCEના લગત સ્ટાફનો સંપર્ક કરી, યોજનાનું અરજી પત્રક ઓનલાઇન ભરાવશે. તેમજ શહેરી વિસ્તારનાં લાભાર્થીઓ મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં જઈ અરજી પત્રક ઓનલાઇન ભરાવશે. અરજદારે અરજી ઓનલાઈન થયાની Digital Gujarat Portal પરથી પહોંચ મેળવવાની રહેશે.

૨. તલાટી કમ મંત્રી / VCEએ આ અરજી પત્રકની તથા બિડાણ થયેલ આધાર-પુરાવાની ચકાસણી કરી તેના ઉપર "આ પ્રમાણપત્રો અસલ પ્રમાણપત્ર સાથે ચકાસણી કરી છે" તેવો શેરો મારી પ્રમાણપત્રની નકલ ઉપર સહી / સિક્કા કરશે. આ પ્રમાણપત્રો સ્કેન કરી /ફોટો પાડી ઓનલાઇન અરજી સાથે અટેચ કરશે અને એ જ દિવસે મામલતદારશ્રીને અરજી ઓનલાઇન સબમિટ કરશે. આ અરજી પત્રક સાથેના આધાર પુરાવામાં ક્ષતિ જણાય તો E-GRAM કેન્દ્ર ખાતેથી અરજદારને યોગ્ય માર્ગદર્શન આપી ક્ષતિપુર્તતા કરાવવવાની રહેશે અને જરૂર જણાય તો સંપુર્ણ આધાર સાથે પુન:સંપર્ક કરવા જણાવવાનું રહેશે.

3. અરજદાર E-GRAM કેન્દ્ર દ્વારા વખતોવખત નક્કી થયેલ જરૂરી ચાર્જીસ E-GRAM / કેન્દ્ર ખાતે જમા કરાવશે.

૪. ફરજ પરના તલાટી કમ મંત્રી/ VCE અને જનસેવા કેન્દ્ર આવા ચાર્જીસ મળ્યા અંગેની પહોંચ અરજદારને પાઠવશે.

૫. મામલતદારશ્રીની કચેરીમાં સદર કામગીરી સંભાળતા કર્મચારીશ્રી દર કલાકે પોતાના કમ્પ્યુટર મોનિટર પર કોઇ અરજી આવી છે કે કેમ તેની ચકાસણી કરશે અને તે તપાસી મામલતદારશ્રીને મંજૂરી/નામંજૂરી માટે મોકલી આપશે.

૬. મામલતદારશ્રી અરજીઓ ચકાસી તે મંજૂર અથવા નામંજૂર કરશે. નામંજૂર થયેલ અરજીઓની જાણ મામલતદારશ્રીની કચેરી દ્વારા E-ગ્રામ કેન્દ્ર/જનસેવા કેન્દ્ર અને અરજદારને એમ બંન્નેને SMS અને E-Mail મારફત કરવામાં આવશે. મંજૂર કરેલ અરજીઓ વેબ સર્વિસ દ્વારા ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી NSAP-MIS પર મોકલી આપવામાં આવશે.

૭. મંજૂર થયેલ અરજીઓ પોર્ટલ પર નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગરની કચેરી ખાતે ઓનલાઇન આવશે. જેનું ચૂકવણું ત્યારપછીના માસની ૧ થી ૫ તારીખ સુધીમાં ડી.બી.ટી મારફતે કરવામાં આવશે.

૮. કોઇ વાજબી વહીવટી કે ટેક્નિકલ કારણોસર મંજૂર/ નામંજૂર કે ચુકવણૂં કરવામાં વિલંબ થાય તો તે છુટછાટને પાત્ર રહેશે.

૯. આ પ્રક્રિયાના અમલીકરણમાં કોઇ મુશ્કેલી જણાય તો તે અંગેની રજૂઆત સબંધિત મામલતદારશ્રીને કરી શકાશે અને પ્રાંત અધિકારી/જિલ્લા કલેકટરશ્રીની કચેરી ખાતે રજૂઆતની સત્યતા ચકાસી તેનો ઉકેલ લાવવો જોઇશે અને જરૂર જણાય ત્યાં આવી બાબતો નિયામક, સમાજ સુરક્ષા, ગાંધીનગર સમક્ષ સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે રજૂ કરવી જોઇશે.

*****

(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૪/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:
વનપ/૧૦૨૦૨૦/૪૬૭૭૯૨/છ નું બિડાણ)

પરિશિષ્ટ-૩

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના(NFBS)
(સંકટ મોચન યોજના)નો
લાભ ઇ-ગ્રામ કેન્દ્રો મારફત આપવા માટે અનુસરવાની કાર્યપ્રણાલી

(DIGITAL SEVA SETU)
(Standard Operating Procedure) (SOP)

૧. સૌ પ્રથમ અરજદારએ તેમના ગામ ખાતે આવેલ E-GRAM કેન્દ્રનો કામકાજના ચાલુ દિવસે જરૂરી પ્રમાણપત્રો સાથે E-GRAM કેન્દ્ર ખાતેના ફરજ ઉપરના તલાટી કમ મંત્રી / વિલેજ કોમ્પુટર એન્ટરપ્રેન્યોર (Village Computer Entrepreneur) એટલે કે VCEના લગત સ્ટાફનો સંપર્ક કરી, યોજનાનું અરજી પત્રક ઓનલાઇન ભરાવશે. તેમજ શહેરી વિસ્તારનાં લાભાર્થીઓ મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં જઈ અરજી પત્રક ઓનલાઇન ભરાવશે. અરજદારે અરજી ઓનલાઈન થયાની Digital Gujarat Portal પરથી પહોંચ મેળવવાની રહેશે.

૨. તલાટી કમ મંત્રી / VCEએ આ અરજી પત્રકની તથા બિડાણ થયેલ આધાર-પુરાવાની ચકાસણી કરી તેના ઉપર "આ પ્રમાણપત્રો અસલ પ્રમાણપત્ર સાથે ચકાસણી કરી છે" તેવો શેરો મારી પ્રમાણપત્રની નકલ ઉપર સહી / સિકકા કરશે. આ પ્રમાણપત્રો સ્કેન કરી /ફોટો પાડી ઓનલાઇન અરજી સાથે અટેચ કરશે અને એ જ દિવસે મામલતદારશ્રીને અરજી ઓનલાઇન સબમિટ કરશે. આ અરજી પત્રક સાથેના આધાર પુરાવામાં ક્ષતિ જણાય તો E-GRAM કેન્દ્ર ખાતેથી અરજદારને યોગ્ય માર્ગદર્શન આપી ક્ષતિપુર્તતા કરાવવવાની રહેશે અને જરૂર જણાય તો સંપુર્ણ આધાર સાથે પુન:સંપર્ક કરવા જણાવવાનું રહેશે.

3. અરજદાર E-GRAM કેન્દ્ર દ્વારા વખતોવખત નક્કી થયેલ જરૂરી ચાર્જીસ E-GRAM / કેન્દ્ર ખાતે જમા કરાવશે.

૪. ફરજ પરના તલાટી કમ મંત્રી/ VCE અને જનસેવા કેન્દ્ર આવા ચાર્જીસ મળ્યા અંગેની પહોંચ અરજદારને પાઠવશે.

૫. મામલતદારશ્રીની કચેરીમાં સદર કામગીરી સંભાળતા કર્મચારીશ્રી દર કલાકે પોતાના કમ્પ્યુટર મોનિટર પર કોઇ અરજી આવી છે કે કેમ તેની ચકાસણી કરશે અને તે તપાસી મામલતદારશ્રીને મંજૂરી/નામંજૂરી માટે મોકલી આપશે.

૬. મામલતદારશ્રી અરજીઓ ચકાસી તે મંજૂર અથવા નામંજૂર કરશે. નામંજૂર થયેલ અરજીઓની જાણ મામલતદારશ્રીની કચેરી દ્વારા E-ગ્રામ કેન્દ્ર/જનસેવા કેન્દ્ર અને અરજદારને એમ બંન્નેને SMS અને E-Mail મારફત કરવામાં આવશે. મંજૂર કરેલ અરજીઓ વેબ સર્વિસ દ્વારા ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી NSAP-MIS પર મોકલી આપવામાં આવશે.

૭. મંજૂર થયેલ અરજીઓ પોર્ટલ પર નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગરની કચેરી ખાતે ઓનલાઇન આવશે. જેનું ચૂકવણું ત્યારપછીના માસની ૧ થી ૫ તારીખ સુધીમાં ડી.બી.ટી મારફતે કરવામાં આવશે.

૮. કોઇ વાજબી વહીવટી કે ટેક્નિકલ કારણોસર મંજૂર/ નામંજૂર કે ચુકવણૂં કરવામાં વિલંબ થાય તો તે છુટછાટને પાત્ર રહેશે.

૯. આ પ્રકિયાના અમલીકરણમાં કોઇ મુશ્કેલી જણાય તો તે અંગેની રજૂઆત સબંધિત મામલતદારશ્રીને કરી શકાશે અને પ્રાંત અધિકારી/જિલ્લા કલેકટરશ્રીની કચેરી ખાતે રજૂઆતની સત્યતા ચકાસી તેનો ઉકેલ લાવવો જોઇશે અને જરૂર જણાય ત્યાં આવી બાબતો નિયામક, સમાજ સુરક્ષા, ગાંધીનગર સમક્ષ સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે રજૂ કરવી જોઇશે.

*****